# ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ

બોર્ડ નિગમ વિસ્તાર, સેકટર-૧૦(એ), ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નંબર - ૨૩૨૫૦૨૯૪ - ૪૪૯૨૭ - ૫૦૩૩૦
ફેક્સઃ (૦૭૯)-૨૩૨૫૦૨૮૦ - ૪૪૯૨૬

E-Mail : gmfb1@yahoo.co.in Web : www.gmfb.in

ક્રમાંકઃ- મફબ/અકડ/ચુ-૯/મનપા ઓક્ટ્રોય/ ઓકટોબર થી ડિસેમ્બર - ૨૦૧૫/ ૭૦૯૫ તા. -5 NOV 2015

વંચાણે લીધા :-

૧. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૪/૧૧/૦૭ ના ઠરાવ ક્રમાંક : બીજીટી/૮૦૨૦૦૭/૩૯૪૦/પી.

૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા.૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક :બજટ/૮૦૨૦૧૫/૧૭૪૧/પી

## દફતરી હુકમ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ - ૧ ના તા.૧૪-૧૧-૦૭ના ઠરાવથી ૭ મહાનગરપાલિકાઓને ઓક્ટ્રોય નાબુદ થતાં તેના વળતર પેટે એડહોક ગ્રાંટ ચુકવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. ત્યારબાદ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના તા. ૧૬/૩/૨૦૧૦ના જાહેરનામાથી થતા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનો પણ આ હેતુસર સમાવેશ કરવામાં આવેલ છે. આ હેતુ માટે વર્ષ ૨૦૧૫-૧૬ માં કુલ રૂ.૨૧૨૪.૭૧ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ - ૨ ના તા.૨૦/૦૭/૨૦૧૫ ના ઠરાવથી રાજયની ૮- મહાનગરપાલિકાઓને **ઓકટોબર, નવેમ્બર અને ડિસેમ્બર - ૨૦૧૫ માસ માટે રૂ!. ૫૩૧,૦૬,૦૦,૦૦૦ /- ની** ગ્રાંટ નિયત ટકાવારી મુજબની નીચે દર્શાવેલ રકમ ચુકવવા મુજબ નિર્દિષ્ટ શરતોએ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના હવાલે મૂકેલ છે.જે **ઓકટોબર, નવેમ્બર અને ડિસેમ્બર - ૨૦૧૫** માટે નીચે દર્શાવ્યા મુજબ ચુકવવાની થાય છે.

| ક્રમ | મહાનગરપાલીકાનું નામ | મળવાપાત્ર રકમ રૂ!. |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨,૩૭,૬૩,૦૦,૦૦૦ |
| ૨ | સુરત | ૧,૬૪,૧૯,૦૦,૦૦૦ |
| ૩ | વડોદરા | ૭૩,૦૮,૦૦,૦૦૦ |
| ૪ | રાજકોટ | ૩૦,૪૮,૦૦,૦૦૦ |
| ૫ | જામનગર | ૮,૩૧,૦૦,૦૦૦ |
| ૬ | ભાવનગર | ૮,૭૦,૦૦,૦૦૦ |
| ૭ | જૂનાગઢ | ૫,૧૯,૦૦,૦૦૦ |
| ૮ | ગાંધીનગર | ૩,૪૮,૦૦,૦૦૦ |
| | કુલઃ | ૫,૩૧,૦૬,૦૦,૦૦૦ |

ઉપર પ્રમાણે ૮ મહાનગરપાલિકાઓને **ઓક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર – ૨૦૧૫** માસની ઓક્ટ્રોય વળતર પેટે ચુકવવાની કુલ રકમ **કુલ રૂ!. રૂ!. ૫,૩૧,૦૬,૦૦,૦૦૦ /– (અંકે રૂપિયા પાંચસો એકત્રીસ કરોડ છ લાખ પુરા)** પૈકી દરેક મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમ કમિશ્નરશ્રી, સંબંધિત મહાનગરપાલિકાને ચુકવવા મંજુરી આપવામાં આવે છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ–૨ ના તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવમાં દર્શાવેલ શરતોને આધિન મહાનગરપાલિકાઓએ જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે જ હેતુ માટે ખર્ચ કરવાનો રહેશે. અન્ય કોઈ હેતુ માટે ખર્ચ કરી શકશે નહિ. દરેક મહાનગરપાલિકાઓએ તેમને ફાળવેલ ગ્રાંટનો કયારે અને કેવી રીતે ઉપયોગ કર્યો તેની માહિતી અત્રેના બોર્ડને મોકલી આપવાની રહેશે. જે મળ્યા બાદ જ આ પછીના મહિનાની ગ્રાંટ છુટી કરવામાં આવશે.

મહાનગરપાલિકાઓને વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાન યોજના હેઠળ અત્રેના બોર્ડને હવાલે મુકેલ ગ્રાંટની રકમ **કુલ રૂ!. ૫,૩૧,૦૬,૦૦,૦૦૦/–** માંથી ઉધારવાનો રહેશે.

**નોંધ ઉપર મુખ્ય કારોબારી અધિકારીશ્રીની મંજુરી મળેલ છે.**

**નાયબ નિયામક(આંકડા)**
**ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ**
**ગાંધીનગર**

પ્રતિ,

મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,
અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર
મહાનગરપાલિકાઓ.

**નકલ સવિનય રવાના :–**

(૧) માન. અધ્યક્ષશ્રીના અંગત મદદનીશશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર તરફ માન. અધ્યક્ષશ્રીના માચાળુ ધ્યાને મુકવા સારૂ.
(૨) નાયબ સચિવશ્રી (શ.વિ.) શ.વિ.અને શ.ગૃ. નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૩) નાયબ સચિવશ્રી (બજેટ) (શ.વિ.) શ.વિ.અને શ.ગૃ. નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૪) અંગત મદદનીશશ્રી, માન.મંત્રીશ્રી, શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગનું કાર્યાલય તરફ જાણ સારૂ.
(૫) સેકશન અધિકારીશ્રી, (પી–શાખા), શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) સેકશન અધિકારીશ્રી, (બજેટ), શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) કલેકટરશ્રી,અમદાવાદ,સુરત,વડોદરા,રાજકોટ,જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર
(૮) એ.જી. અમદાવાદ / રાજકોટ
(૯) સહાયક નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર જીલ્લા.
(૧૦) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૧૧) જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર .
(૧૨) નાયબ નિયામકશ્રી (હિસાબ), ગુ.મ્યુ.ફા.બોર્ડ, ગાંધીનગર તરફ ઉપર હુકમમાં દર્શાવેલ કુલ રકમ કુલ રૂ!. ૫,૩૧,૦૬,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચસો એકત્રીસ કરોડ છ લાખ પુરા) ની રકમ પૈકી મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમની ચૂકવણી કમિશ્નરશ્રી સંબંધિત મહાનગરપાલિકાઓને કરવાની સારૂ.
(૧૩) સીલેકટ ફાઇલ.

D:\oct-cor(2015-16)\ઓક્ટ્રોય ગ્રાંટ (મહાનગરપાલિકા-૨૦૧૫-૧૬).docx